શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૧
અંક : ૪

## સામાન્ય સભા

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની વાર્ષિક સામાન્ય સભા તારીખ ૨૩/૦૫/૨૦૦૯ ના રોજ ૧૫-૦૦ કલાકે સંસ્થાના અમરેલી કાર્યાલય ખાતે રાખવામાં આવેલ છે. નીચે દર્શાવેલ કાર્યસુચિ મુજબના કામકાજ માટે મળશે તો તમામ સામાન્ય સભ્યોએ ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**કાર્યસૂચિ**

૧. ગત સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લઈ મંજુર કરવા બાબત.
૨. ગત વર્ષનો હિસાબ, અંદાજપત્ર તથા અહેવાલ મંજુરી સહ પ્રસિધ્ધ કરવા બાબત.
૩. સમિતીઓમાં થયેલ કાર્યવાહીને બહાલી
૪. કારોબારી સભ્યોની ચુંટણી
૫. અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે

H. D. Vaghadia

તા. ૩૦/૦૪/૨૦૦૯ પ્રમુખ

સ્થળ : ૨૬ - ઓમનગર - ૩, જીઆઈડીસી પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી.

**ખાસ નોંધ:** સામાન્ય સભામાં જો કોઈ સભ્યોએ પ્રસ્તાવ પ્રશ્ન કે ઠરાવ મુકવાના હોય તો બેઠકના ચાર દિવસ અગાઉ મંત્રીશ્રીને મોકલી આપવાના રહેશે જેની નોંધ લેવા વિનંતી છે.

## વાર્ષિક સંમેલન

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું ત્રીસમું વાર્ષિક સંમેલન તા. ૨૩/૦૫/૨૦૦૯ના રોજ સવારના ૧૦-૦૦ કલાકે સંસ્થાના અમરેલી કાર્યાલય પર રાખવામા આવેલ છે.

સંસ્થા સાથે જોડાયેલ તમામ સંસ્થાઓ, સંસ્થાના સાથી મિત્રો, ભુતપુર્વ તથા હાલના સ્ટાફગણ, સંસ્થાના સભાસદો, શુભેચ્છકો સૌને આ સંમેલનમાં ભાગ લેવા નિમંત્રણ છે. સંમેલનમાં આપના પ્રતિભાવો / સૂચનો આવકાર્ય છે.

**માહિતી અધિકાર હેલ્પલાઈન ૯૯૨૪૦૮૫૦૦૦**

**મે-૦૯ ના મહત્વના દિવસો**

| | |
|---|---|
| ૧ | આંતરરાષ્ટ્રિય શ્રમદિવસ |
| ૧ | ગુજરાત સ્થાપના દિવસ |
| ૨૩ | સામાન્ય સભા (એસએસકેકે) |
| ૨૩ | વાષિક સંમેલન (એસએસકેકે) |

**સાચો અભ્યાસ દરેકમાં સારા ગુણ જોવાનો છે.**

**ખેડુતસાથીઓને અપીલ**

હાલમાં ખેતી ખર્ચાળ થતી જાય છે. ખેતીમાં ઉત્પાદન ખર્ચ વધતો જાય છે. વિવિધ જાતના પ્રમાણિત બિયારણો અને દવાઓ જરૂરિયાત સમયે મળતાં નથી તો કયારેક નકલી બિયારણ અને અપ્રમાણિત દવાઓના કારણે પાક નિષ્ફળ જાય છે. કયારેક કુદરતના રીસામણા તો કયારેક વેપારીથી થતી છેતરપિંડી ખેડુતોને મુશ્કેલીમાં મુકી દે છે. આ મુશ્કેલીમાંથી નીકળવાનો રસ્તો છે ખેડુત જાતે જ પોતાના વિકાસની કેડી કંડારે. ખાંભા તાલુકાના ૧૬ ગામોમાં ખેડુતોએ પોતાની પ્રોડયુસર કંપની છેલ્લા ચાર વર્ષથી કાર્યરત બનાવીને ખેડુતોએ વિકાસની કેડી બનાવી છે.

**ખેડુતોની સાથી – અવિરત એગ્રો પ્રોડયુસર કંપની લી.**

આપણે ખેડુત પાક ઉગાડીએ એટલે ઉત્પાદક કહેવાઈએ. પ્રોડયુસર કંપનીએ ઉત્પાદકોની કંપની છે. આ કંપનીના સભ્યો માત્ર ખેડુતો જ છે અને તેનું સંચાલન પણ ખેડુતો (સભાસદો) દ્વારા નિમાયેલ બોર્ડ ઓફ ડિરેકટર્સ દ્વારા થાય છે. વ્યાજબી ભાવે બિયારણો, જંતુનાશક દવાઓ તેમજ વર્મી અને વર્મી કંમ્પોસ્ટ, સજીવખેતી અને ખેતી વિષયક માહિતી દ્વારા ખેડુતોને પ્રોડયુસર કંપની ઉપયોગી થાય છે. ખેડુતોની જ કંપની હોવાથી તેનો ઉદ્દેશ પ્રમાણિત વેપાર સાથે ખેડુતના વિકાસનો છે. માટે પ્રોડયુસર કંપનીએ ખેડુતોની સાથી તરીકે આપણા વિસ્તારમાં જાણીતી બની છે.

**પ્રોડયુસર કંપની છે આપણી, તેનો વહીવટ છે આપણો**

પ્રોડયુસર કંપની ખેડુતો દ્વારા ચાલતી હોવાથી તેના લાભ ખેડુતોની વચ્ચે વહેંચાય છે. પ્રોડયુસર કંપની દ્વારા ઉત્પાદિત ખેત પેદાશોનું સામાજીક વેચાણ થવાથી વ્યાજબી ભાવ મળી રહે છે. મોટા વેપારીઓ સાથે સોદાબાજી કરી શકાય છે અને કૃષિ વિષયક સેવાઓ મેળવીને ખેત પેદાશોની ગુણવતા સુધારી શકાય છે.

**યાદ રહે...**

ખેડુતો પાસે ખરીદી કરીએ તો નફો ખેડુતોને મળે અને કંપનીના એગ્રો સેન્ટરમાંથી ખરીદી કરીએ તો નફો સભાસદ વચ્ચે વહેંચાય એટલે કે 'ઘી ઢોળાય તો ય ખીચડીમાં'

આપના આ ફેડરેશને ખેડુતોને મદદરૂપ થવા માટે ૨૦૦૯ થી એગ્રો સેન્ટરની શરૂઆત કરી છે. ખુશીની વાત તો એ છે કે આપણા એગ્રો સેન્ટર દ્વારા ભરોસા પાત્ર પ્રમાણિત ગુણવતાવાળા, શુધ્ધતાવાળા બિયારણો અને

*વિશ્વની ખરી જીત ત્યારે જ શકય છે જયારે એકતા હોય.*

જંતુનાશક દવાઓ વ્યાજબી ભાવે વેચાય છે. મોટી સંખ્યામાં ખેડુતો અહિથી ખરીદી કરી રહયા છે. આપણા પોતાના એગ્રો સેન્ટરમાં મુલાકાત લેવા અને સભ્ય બનવા આપને હાર્દિક આમંત્રણ છે.

**જૈવિક ખેતી દ્વારા હરિયાળી ક્રાંતીની દિશા તરફ વર્મી કંમ્પોસ્ટ (જમીનની સંજીવની)**

**(વિશ્વનું સર્વશ્રેષ્ઠ જૈવિક ખાતર)**

અવિરત એગ્રો પ્રોડયુસર કંપની દ્વારા વર્મી કંમ્પોસ્ટ પ્લાન્ટ ખાંભા ખાતે ૨૦૦૭ થી શરૂ કરવામાં આવેલ. શુધ્ધ છાણિયુ ખાતરનો ઉપયોગ કરીને વર્મીકંમ્પોસ્ટ (અળસીયાનું ખાતર) તૈયાર કરવામાં આવે છે. જેનું વેચાણ નહિ નફો કે નુકશાનના ધોરણે વેચાણ કરવામાં આવે છે. કોઈપણ ખેડુતને વર્મી કંમ્પોસ્ટ પ્લાન્ટ ઉભો કરવો હોય તો અળસીયાનું વેચાણ પણ અહિંથી કરવામાં આવે છે. તદ ઉપરાંત પ્લાન્ટ અંગેની સંપુર્ણ માહિતી સ્થળ ઉપર જઈને આપવામાં આવે છે.

**નવા ખેતી વિષયક અખતરાઓ**

નાના સિમાંત અને અન્ય ખેડુતોની ખેત ઉત્પાદકતા વધારવાના હેતુસર જુદા જુદા પાકો અંગે કાર્ય શિબિરોનું આયોજન કરવામાં આવે છે. જેમાં ખેડુતો અને તજજ્ઞો વચ્ચે કડીરૂપ બની એકબીજાના અનુભવોનું આદાનપ્રદાન કરી પાક સંદર્ભે ઉદ્‌ભવતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવે છે. મગફળીના પાક માટે કૃષિ યુનિવર્સિટી – જુનાગઢ, કપાસના પાક માટે કૃષિ યુનિવર્સિટી – નવસારી, ઘઉંના પાક માટે ઘઉં સંશોધન કેન્દ્ર – વીજાપુર, બાગાયત શાકભાજી અને પશુપાલન અંગે કૃષિ યુનિવર્સિટી – આણંદ વિગેરે જુદી જુદી કૃષિ યુનિવર્સિટી દ્વારા ખેડુતોને કાર્યશિબિરમાં લઈ જઈ ખેડુતોને વૈજ્ઞાનિક પધ્ધતિથી ખેતી, ખાતર, પિયત, નિંદામણ અને પાકસંરક્ષણ વિશેની તમામ માહિતી આપવામાં આવે છે.

**ખેતી આધારિત જોખમો – માહિતી મેળવી ખેડુતોને દિશા નિર્દેશ**

ખેતી આધારિત જોખમોમાં અનેક જોખમો રહેલા છે. તેમાં મુખ્ય જોખમ વરસાદનું છે. ગુજરાત રાજયમાં પાક ઉત્પાદન વરસાદ પર આધારિત છે. મોટેભાગે વરસાદી ખેતી થતી હોવાથી અપુરતો વરસાદ અથવા દુષ્કાળ ઉત્પાદન પર અસર કરે છે. આથી અપુરતા વરસાદથી થતા નુકશાનને ભરપાઈ કરવા માટે એગ્રીકલ્ચર ઈન્સ્યોરન્સ કંપની દ્વારા ખરીફ ૨૦૦૯ દરમ્યાન વર્ષા વિમા યોજના અમલમાં છે. તેની માહિતી અત્રેથી આપવામાં આવે છે.

**સંકલનઃ– ડાયાભાઈ પટેલ**

***વાણી દ્વારા દરેક માનવીને ઉંડાણ પુર્વક જાણી શકાય.***

## એકલનારી મંચ મીટીંગ

તા. ૧૧/૪/૦૯ ના રોજ એકલનારી મંચની મીટીંગ અમદાવાદ ખાતે ગોઠવવામાં આવી હતી. જેમાં ગુજરાતની ૫૦૦ એકલનારી બહેનોએ હાજરી આપી હતી. જેમાં એકલ બહેનોની ત્રણ માંગણીઓની રજુઆત કરી.

૧) દરેક મહિલાઓને સરકારી જમીનમાંથી ૫ એકર જમીન આપવી.

૨) ગુજરાતમાં દરેક એકલ મહીલાઓને આજીવન પેન્શન આપવું અને પેન્શનમાં ફુગાવાના દર પ્રમાણે વધારો કરવો.

૩) ગુજરાતની દરેક એકલ મહિલાઓને બી.પી.એલ અને અંત્યોદય કાર્ડ આપવું.

## મીની અસર સર્વે

અસર ૨૦૦૮ની સમિક્ષા માટે એપ્રિલ – ૨૦૦૯ માં ગુજરાતમા મીની અસર સર્વે પ્રથમ દ્વારા થયો હતો. અમરેલી જીલ્લામાં આ કાર્ય શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રએ પ્રથમની ટીમ સાથે રહીને કર્યુ હતુ. જેમાં ૨૦૦૮ના સર્વે કરેલ ગામોમાં રેન્ડમલી સીલેકટ કરેલ ૨૦ ઘરનો ફરી સર્વે કરવામાં આવ્યો. જેનો મુખ્ય આશય એ હતો કે સર્વે કરેલ ઘરોમાં બાળકોમાં ગણન અને લેખન શકિતનો વિકાસ કેટલે અંશે વધ્યો છે તેમજ ડ્રોપ આઉટ બાળકોની સંખ્યા કેટલા ટકા ઘટી છે તે તપાસ માટે મીની સર્વે કરવામાં આવ્યો.

## સમરસ અભ્યાસના તારણો

મહિલા સ્વરાજ અભિયાન દ્વારા ગત વર્ષમા સમરસ પંચાયતો પર કરવામા આવેલ અભ્યાસના તારણો પર એક બેઠક યોજવામા આવી હતી. આ અભ્યાસમા જોડાયેલ સંસ્થાના પ્રતિનિધિઓએ આ બેઠકમા ભાગ લીધો હતો. સંશોધન અહેવાલ પ્રસિધ્ધ કરવામા આવ્યો.

## સોસીયલ એકાઉન્ટીબીલીટી

સામાજીક ઓડીટના ભાગરુપે ખાંભા તાલુકાના ૫ ગામોમાં લોકોને મળતી સેવાઓમાં રહેવા પામતી ક્ષતિઓને નાગરિક આગેવાનો દ્વારા લોકો સમક્ષ મુકવાની અને તેનાથી લોકોમા સેવાઓની પહોંચ મજબુત બનાવવી તથા તે માટે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ જવાબદાર બને અને તેમા જરૂરી સુધાર આવે તે હેતુથી જરૂરી કામગીરી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રએ હાથ ધરી છે. આ બાબતે શ્રી તાપસ સત્પથીના વડપણ તળેની ઉન્નતીની ટીમે સંસ્થાના કાર્યકરો સાથે બેઠક કરી જરુરી ગતિવિધિઓથી વાકેફ કરાયા હતા.

## પ્રવાહ

પ્રવાહ સૌરાષ્ટ્ર રીઝીયન ૨ ની વાર્ષિક આયોજન માટે બેઠક મળી જેમા આ રીઝીયન સાથે જોડાયેલી સંસ્થાઓના પ્રતિનિધિઓ જોડાયા હતા. આ બેઠકમા પાછલા મહિનામા દરેક સંસ્થાઓ દ્વરા ચલાવાયેલ અભિયાન અંગે ચર્ચા કરવામા આવી હતી.

**સતત માર્ગદર્શન મેળવવાથી પ્રવૃતિમય બનાય છે.**

## રેડ રીબન કલબ

કે કે મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા આ વર્ષે એઈડસ શિક્ષણ સંબંધી કાર્ય ભાવનગર જીલ્લાની તમામ કોલેજો સાથે શરુ થયેલ છે તા. ૧૫/૨/૦૯ ના રોજ એડવોકસી વર્કશોપ યોજાયેલ જેમાં પ્રીન્સીપલ તથા લેકચરરશ્રીઓ સાથે કાર્યક્રમ સંચાલન બાબતે સમજ બનાવી હતી. તા. ૨૩ થી ૨૫ દરમ્યાન તેમણે રેડ રીબન કલબ (આરઆરસી)ના સભ્યોની તાલીમ યોજી હતી આ બંને કાર્યક્રમોમાં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની ટીમના સભ્યોએ જરુરી સેવા અને માર્ગદર્શન પુરા પાડયા હતા.

સંસ્થાના સંચાલકો શ્રી રમેશભાઈ કટારીયા તથા શ્રી સંગીતાબેન દવેએ આ બંને કાર્યક્રમોની સુંદર વ્યવસ્થા ગોઠવી હતી. શ્રી વૈશાલીબેન એ બંને કાર્યક્રમોનુ સંચાલન કર્યુ હતુ.

## માસ દરમ્યાન

| | | |
|---|---|---|
| ૨ | અસર તાલીમ | અમરેલી |
| ૨ | ટીમ મીટીગ | અમરેલી |
| ૪/૫ | મીની અસર સર્વે | અમરેલી |
| ૯ | સામાજીક ઓડીટ અંગે બેઠક | અમરેલી |
| ૧૧ | એકલનારી મીટીંગ | અમદાવાદ |
| ૧૫ | પ્રવાહ આયોજન મીટીંગ | અમરેલી |
| ૧૬ | સમરસ તારણોનીમીટીંગ | અમદાવાદ |
| ૨૪ | આરઆરસી તાલીમ | ઢસા |
| ૨૭-૨૮ | રીવ્યુ પ્લાનીગ SKVAW | અમદાવાદ |

## ઘરેલું હીસા અધિનિયમ ૨૦૦૫ અન્વયે થયેલ ઝડપી નિર્ણય

ગામ : બગોયા

નામ : અરૂણાબેન કરમશીભાઈ

ફરિયાદની તારીખ : ૫/૧/૨૦૦૯

નિર્ણય/હુકમ કર્યા તારીખ : ૧૩/૪/૨૦૦૯

ઘરેલું હીંસા અધિનિયમ ૨૦૦૫ની કલમ ૧૨ હેઠળ દાખલ કરવામા આવેલ ઉપરોકત વિગતની ફરિયાદ અનુસાર શ્રી ગોબરભાઈ નરશીભાઈ રહેવાસી તાલડા સામે ભરણ પોષણ, મીલકત અધિકાર, ભાડાનું મકાન તબીબી સહાય માગવામાં આવેલી હતી સામા પક્ષકાર ૬૦ દિવસ માં હાજર ન રહેતા નામદાર કોર્ટ દ્વારા હુકમ કરવામા આવ્યો જેમાં માસીક રૂા. ૧૮૦૦ ભરણ પોષણ તથા રૂા. ૩૦૦૦ અરજી ખર્ચ તથા વળતર પેટે શ્રી ગોબરભાઈ નરશીભાઈએ શ્રી અરૂણાબેન કરમશીભાઈને ચુકવવા હુકમ કરેલ છે.

ઘરેલું હીંસા અધિનિયમ ૨૦૦૫ હેઠળ દાખલ કરાયેલ આ ફરિયાદમાં ૬૦ દિવસમાં ન્યાય મળતા કાયદકીય જોગવાઈઓ પ્રત્યે આ પ્રકારે પ્રભાવિત મહિલાઓમાં વિશ્વાસની લાગણી ઉત્પન્ન થયાનુ મહિલા ન્યાય સમિતી, ખાંભાએ જણાવેલ છે.

આ ફરિયાદ અન્વયેની પ્રક્રિયાઓ મહિલા ન્યાય સમિતી – ખાંભાના માર્ગદર્શન હેઠળ ચાલી હતી.

**ધરતી પર વિશ્વની દરેક સજીવ સૃષ્ટિનો હક રહેલ છે.**

## બાળ અધિકાર

આજની રોજબરોજની જિંદગીમાં આપણે જયાં નજર કરીએ ત્યાં બાળકો મજુરી કરતા નજરે પડે છે. આપણે આવી પરિસ્થિતિ જોઈએ એટલે આપણને તરત જ એક જ વિચાર આવે કે આ બાળકના ઘરમાં કોઈ કમાવીને લાવી શકે તેવુ નહી હોય, પણ જયારે આ સત્ય અધુરુ સત્ય હોય છે. વાસ્તવમાં આવુ કશુજ હોતુ નથી વાસ્તવિકતા કાંઈક અલગ જ હોય છે. બાળકને ઓછા પૈસા આપી કામ લઈ શકાય છે. તેની પાસેથી સમય પણ વધારે લઈ શકે છે. ભુલ થાય તો તેને મારી પણ શકાય છે. આજે મોટા ભાગે શહેરોમાં મોટા ભાગની કંપનીઓ, ફેકટરીઓમા બાળકો જ કામ કરતા જોવા મળે છે. ફટાકડા બનાવવાની કંપની , દવા બનાવવાની કંપની, એસિડ બનાવવાની કંપનીમાં મોટા ભાગે બાળકોનો ઉપયોગ કરવામાં આવે છે. આવી પ્રવૃતિથી બાળકોનું આરોગ્ય જોખમમાં મુકાય છે.

આજે બાળ મજુરી તેમજ બાળ અધિકાર પર સરકાર દ્વારા ઘણી બધી યોજનાઓને અમલમાં મુકવામાં આવી છે. આ યોજનાને અસરકારક બનાવવા માટે સ્વૈચ્છિક સંગઠનો, સરકારી અર્ધ સરકારી સંસ્થાઓ, શાળાઓ સાથે મળી કામ કરી રહી છે.

આઝાદી આંદોલન દરમ્યાન ૩૧ માર્ચ, ૧૯૩૧માં કરાંચી કોંગ્રસ મહાસંમેલનમાં આઝાદ ભારતના નાગરીકો માટે આર્થિક અને રાજકીય અધિકારોનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ ઠરાવનો મુસદો મહાત્માં ગાંધીજીએ લખ્યો હતો. તેમાં દરેક બાળકને બાળ મજુરીમાંથી મુકિત અને પ્રાથમિક શિક્ષણના અધિકારનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

બંધારણના માર્ગદર્શક સિધ્ધાંતોમાં અનુચ્છેદ – ૪૫ મુજબ ૧૪ વર્ષની ઉંમર સુધીના તમામ બાળકોને ૧૯૬૦ સુધીમાં પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થામાં સમાવી લેવાનું વચન અપાયેલુ હતુ. બંધારણમાં થયેલા સુધારાથી અનુચ્છેદ ૨૧ – અ મુજબ દરેક બાળકને ૧૪ વર્ષની ઉંમર સુધીના શિક્ષણને મુળભુત અધિકાર ગણવામાં આવ્યો છે.

સુપ્રિમકોર્ટે જે.પી.ઉન્નીકૃષ્ણન કેસમાં બાળકના સર્વાંગી વિકાસ માટે પ્રાથમિક શિક્ષણ ઉપરાંત બાળપણમાં આંગણવાડી સુવિધાઓ અને પુર્વ પ્રાથમિક શિક્ષણને મુળભુત અધિકાર ગણવાનો આદેશ કર્યો છે.

બાળ મજુરી પ્રતિબંધ નિયમન કાનુન – ૧૯૮૬ પ્રમાણે બાળક પાસે મજુરી કરાવનાર માલિક સામે શ્રમ અધિકારી ફરિયાદ દાખલ કરી શકે છે. બીજા ફોજદારી ગુન્હાની જેમ બાળમજુરી કરાવવાના ગુન્હાની કાર્યવાહી કરવાની સતા પોલીસ ઈન્સપેકટરને પણ છે. જુવેનાઈલ જસ્ટીસ એકટ ૨૦૦૦ પ્રમાણે ૧૮

**દ્રઢ મનોબળ સાચા નિર્ણયો લેવાનું પીઠબળ પુરૂ પાડે છે.**

વર્ષ સુધીની ઉંમરના બાળકોને મજુરી કરાવવા ઉપર પ્રતિબંધ છે. બાળ મજુરી કરાવનાર માલિકની તાત્કાલિક ધરપકડ કરવાની છે આ ગુન્હો બિન જામીન પાત્ર ગણાય છે તેમજ તેની પાસેથી બાળક દીઠ રૂા. ૨૦,૦૦૦/- વસુલ કરીને કલેકટરશ્રીના બાળમજુરી કલ્યાણ સમિતીના ફંડમાં જમા કરાવવાનો સુપ્રીમ કોર્ટનો આદેશ છે.

એક વારંવાર કહેવાતી વાત, અશકત વૃધ્ધ માતા પિતાના બાળકો, વિધવા માતાના બાળકો તેમજ અનાથ બાળકો મજુરી ન કરે તો ભુખે મરે, તેમને તો બાળ મજુરી વગર છુટકો નથી.

થોડુક વિચાર્યા પછી સમજાતી વાત - અશકત વૃધ્ધ માતા પિતાના બાળકો ૧૮ વર્ષથી નાની ઉંમરના હોય તેવા કેટલા ? વિધવા માતાના બાળકો ૧૮ વર્ષથી નાની ઉંમરના હોય તેવા કેટલા ? તેમજ અનાથ બાળકોની સંખ્યા સમાજમા કેટલી ? સમાજ સુરક્ષા વિભાગની યોજનાઓ તથા અન્ય સરકારી યોજનાઓનો લાભ આવા બાળકોના કુટુંબોને પસંદગીના ધોરણે મળે તેવા પ્રયત્ન કરીએ. જુવેનાઈલ જસ્ટીસ એકટ ૨૦૦૦ માં આવા બાળકો માટે "ખાસ સંભાળ અને કાળજીની જરુરિયાતવાળા બાળકો" તરીકે જોગવાઈ કરવામાં આવી છે. તેનો લાભ લઈએ. પણ ના ભુલીએ કે આવા બાળકોની સંખ્યા કુલ બાળમજુર બાળકોની સંખ્યામા અલ્પ પ્રમાણમા છે. જયારે મોટા ભાગના બાળમજુરોના માતા પિતા મજુરી કરીને કમાઈ શકે તેવા હશે, જેમને પુરતી રોજગારી આજે મળતી નથી જયારે તેમના બાળકોને મજુરી કરવી પડે છે.

સમતા, સામાજિક ન્યાય અને આબાદી માટે દરેક બાળકને કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર ૧૪ વર્ષની ઉંમર સુધી શિક્ષણનો મુળભુત અધિકાર અને બાળમજુરી ઉપર પ્રતિબંધ.

**બાળકનો ભણવાનો અધિકાર,**
**સરકાર અને સમાજની જવાબદારી**
**એક બાળક, એકજ સમયે,**
**એક સાથે બે જગ્યાએ ન હોઈ શકે.**
**બાળકનુ સાચુ સ્થાન કયાં ?**
**નિશાળમાં કે મજુરીમાં ?**

આઝાદી પહેલા મહારાજા સયાજીરાવ ગાયકવાડે વડોદરા રાજયમાં અને મહારાજા ભગવતસિંહે ગોંડલ રાજયમાં ફરજીયાત કન્યા શિક્ષણના કાયદાનો અમલ કર્યો હતો. ગુજરાત રાજયની રચના થયા પછી પહેલી વિધાન સભામાં 'ગુજરાત ફરજીયાત પ્રાથમિક શિક્ષણ કાનુન, ૧૯૬૧' પસાર કરવામા આવ્યો. તેમાં દરેક બાળકનુ સ્થાન નિશાળમાં હોવા બાબતની જોગવાઈઓ કરવામા આવેલી છે. શાળા પ્રવેશોત્સવ એ દિશાનુ કદમ છે.

(સ્ત્રોતઃ સીએસીએલનુ પ્રચાર સાહિત્ય)

**એક માતા સો શિક્ષકોની ગરજ સારે છે.**

**સેવા સુવાસ**

બીઆરએસ, એમઆરએસ, એમએસડબલ્યું, એમઆરએમ જેવા અભ્યાસક્રમોની લાયકાત મેળવેલા ઉમેદવારોને વિવિધ સંસ્થાઓમાં જોડાવા ઉપયોગી થાય તેવી સેવા સુવાસ એનજીઓ ડીરેકટરીનું પ્રકાશન વિશ્વ વાત્સલ્ય માનવા સેવા ટ્રસ્ટ, બગસરા દ્વારા કરવામાં આવેલ છે.
આ ડીરેકટરીમાં ૩૦૦ થી વધારે સેવા ભાવી સંસ્થાઓના નામ સરનામા ઈમેલ, વેબસાઈટ તેમજ તેમની પ્રવૃતીઓની વિગતો આપવામા આવેલ છે. આ સંસ્થાઓના કાર્યોમાં સહયોગ કરનાર સરકારી વિભાગો તથા દાતા સંસ્થાઓની વિગતો પણ આપી છે. ડીરેકટરીમાં આ સંદર્ભે જરૂરી શૈક્ષણિક સંસ્થાઓના નામ સરનામા પણ આપવામા આવ્યા છે સેવા સુવાસની ૨૦૦ થી વધારે નકલો ઉકત અભ્યાસક્રમોના મિત્રો અને જુદી-જુદી સંસ્થાઓને મોકલવામા આવી છે આમ, આ ડિરેકટરી નો સુંદર પ્રતિસાદ સમગ્ર ગુજરાતમાંથી મળી રહેલ છે.
સંપર્ક : શ્રી દેવચંદભાઈ સાવલીયા, બગસરા
ફોન : ૦૨૭૯૬ ૨૨૨૪૭૯,
૯૪૨૬૯૬૫૨૩૪

**આપણો અધિકાર આપણી જવાબદારી**

**ધૈર્ય, સહિષ્ણુતા અને સમર્પણના અભાવે માણસ ગુસ્સાનો ભોગ બને છે.**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMI-91/2008**
**Valid Upto 31/12/2011**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

**Book -Post, Printed Matter**

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી-૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**અભિમાન માનવીને પતન તરફ વાળે છે.**